# અરવલ્લી જિલ્લામાં ઉનાળો આકરો બન્યો

## તાપમાનનો પારો ઉંચકાતા દેહ દઝાડતી કાળઝાળ ગરમીમાં લોકો શેકાયા : ધીમા પગલે શરૂ થયેલી ગરમી પ્રભાવી બનતા અસહ્ય ગરમીમાં પ્રજાજનો પરસેવે રેબઝેબ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી ગરમીનો પ્રભાવ વધી રહ્યો હોઈ આજે રવિવારે તાપમાનનો પારો એકાએક ઉંચકાતા દિવસભર દેહ દઝાડતી ગરમીનો જિલ્લાના પ્રજાજનોએ અનુભવ કર્યો હતો. ત્યારે સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી આકાશમાંથી વરસતી અગનઝાળ વચ્ચે લોકો ભઠ્ઠીમાં શેકાઈ રહ્યા હોય તેમ પ્રભાવી ગરમી રહેવા પામી હતી.

ચાલુ સાલે ઠંડીએ મોડી વિદાય લીધી હતી તે જોતા એમ લાગતુ હતુ કે હજુ ઉનાળાની કાળઝાળ ગરમીના દિવસો થોડે દૂર છે પરંતુ છેલ્લા સપ્તાહમાં પલટાયેલા હવામાનથી એકાએક ગરમીનો પ્રભાવ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો હોઈ પારો છેક ૩૯ ડીગ્રીએ પહોંચ્યો હતો.

જેમાં આજે રવિવાર સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી દિવસભર દેહદઝાડતી ગરમી પડતા લોકો પરસેવે ન્હાયા હતા અને મુખ્ય મથક મોડાસા સહિત તમામ વિસ્તારોમાં અને ગામડાઓમાં બપોરના ચારેક કલાક દરમિયાન જાહેર માર્ગો સુમસામ ભાસતા નજરે પડી રહ્યા હતા. એક તરફ ઉનાળુ ઋતુનું આગમન થઈ ચુક્યુ છે ત્યારે જિલ્લાના મુખ્યમથક મોડાસા સહિત ઠેર ઠેર હાઈવે માર્ગો ઉપર અને તાલુકા મથકોએ ઠંડાપીણા, કોલ્ડ્રીંક્સ, આઈસક્રીમ પાર્લર અને શેરડીના કોલો તેમજ તરબુચના ટેન્ટ લાગી ગયેલા જોવા મળી રહ્યા છે. આમ, જિલ્લામાં આજે રવિવારે દિવસભર મોડાસા સહિત સમગ્ર જિલ્લામાં પ્રજાજનોએ પ્રભાવી ગરમીનો અનુભવ કર્યો હતો.

# ...તો આત્મહત્યા કરવા ગીતા જોષીની ચીમકી

## પાલનપુરમાં ૩ માસથી ધાક, ધમકી તેમજ છેતરપિંડી મામલે પોલીસ ફરિયાદ બાદ કોઈ કાર્યવાહી ન થતાં રેલવે નીચે પડતું મૂકી આપઘાત કરવાનો પ્રયાસ

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા ના પાલનપુરમાં આજે એક મહિલાએ છેલ્લા ૩ માસથી નોંધાવેલી પોલીસ ફરિયાદ બાદ કોઈ કાર્યવાહી ન થાતાં આજે એકાએક રેલવે નીચે પડતું મૂકી આપઘાત કરવાનો પ્રયાસ કરતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ સર્જાયો હતો. રેલવે ગાર્ડ ની સતર્કતાથી મહિલાને સહીસલામત બચાવી લેવાઈ છે, તેમજ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી જેમાં તાજેતરમાં બહુચર્ચિત સાધ્વી જયશ્રી ગિરી સહીત મુખ્ય સાધક સામે નામ જોગ ફરિયાદ કરી હતી. તેમજ પીડિતાએ પાલનપુરની વાહન વ્યવહાર કાછેરીમાં ફરજ બજાવતા



પ્રવીણ ત્રિવેદી સામે નામ જોગ ફરિયાદ કરી હતી જો કે આજે આ વાતને ૩ મહિનાનો સમય થવા છતાં આજદિન સુધી આ મામલે કોઈ કાર્યવાહી ન થાતાં આજે એકાએક પાલનપુરના માનસરોવર રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરવાનો પ્રયાસ કરતા રેલવે ગાર્ડની સતર્કતાથી મહિલાને સહીસલામત બચાવી લેવાઈ છે. જો કે આપઘાત કરતા બચી ગયેલી મહિલાએ ઠોસ કામગીરી ન થાય તો આવનારા સમયમાં કોઈપણ ભોગે જાન આપી દેવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. ૩ માસ પહેલા ૨ આરોપીઓ સહીત પાલનપુરની વાહનવ્યવહાર કચેરીમાં ફરજ બજાવતા પ્રવીણ ત્રિવેદી સામે ધાક ધમકી, મારામારી તેમ જ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જેમાં કોઈ કાર્યવાહી ન થયાને પગલે આજે એકાએક આ મહિલાએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પાલનપુરના માનસરોવર રેલવે ફાટકના રેલવે ગાર્ડની સતર્કતાથી મહિલાને સહીસલામત બચાવી લેવાઈ છે તેમજ આ મુદ્દે ગુનો નોંધી મહિલા પોલીસને પણ જાણ કરાઈ છે.

એક તરફ આટલા મહિના બાદ પણ કોઈ જ કાર્યવાહી નહિ તો બીજી તરફ મહિલાની હેરાનગતિને પગલે આપઘાત કરવા પ્રેરાય ત્યાં સુધી કોઈ આરોપીની અટકાયત ન થાય તે માટે કાયદાના રક્ષકો ને ક્યાંક જાગવાની જરૂર છે. જો કે આગામી સમયમાં આ મુદ્દે કેવા પગલાં ભરાશે એ તો સમય જ બતાવશે.

# ધો. ૧૦ના સંસ્કૃત વિષયની બોર્ડની પરીક્ષા આપતો ડમી વિદ્યાર્થી ઝડપાયો

## મૂળ વિદ્યાર્થી સામે પણ પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ : ટાઉન પોલીસે તપાસ હાથ ધરી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસામાં મદની હાઈસ્કૂલમાં બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા કેન્દ્રમાં સંસ્કૃત વિષયની પરીક્ષા આપતો ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો. તેની સામે સ્થળ સંચાલક દ્વારા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

મોડાસા તાલુકાના સરડોઈની હાઈસ્કૂલમાંથી બહારના (એક્ષ સ્ટુડન્ટ) તરીકે ધો. ૧૦ની પરીક્ષા માટે બોર્ડમાં નોંધાયેલ સરડોઈ ગામના વિદ્યાર્થી અંકિત વિનોદભાઈ ભોઈને આજે બોર્ડના છેલ્લા પેપર સંસ્કૃત વિષયની પરીક્ષા પણ આપવાની હતી. પરંતુ આજે સંસ્કૃતિનું પેપર ચાલુ થયા પછી મોડાસા સેન્ટરના મદની શાળા પરીક્ષા સ્થળના બ્લોકમાં તેની રીસીપ્ટ ચકાસતા સુપરવાઈઝરને રીસીપ્ટ ઉપર ચોંટાડેલ ફોટો બ્લેડ વડે ચુથી નાખેલો જણાતા ફરજ પરના સુપરવાઈઝરને શક જતા તેણે ઊંડી તપાસ કરી હતી. તેમાં મૂળ પરિક્ષાર્થીના સ્થાને અન્ય છાત્ર પરીક્ષા આપી રહ્યાનું જણાતાં આખરે આ ડમી પરિક્ષાર્થી ઝડપાઈ ગયો હતો. આ અંગે સુપરવાઈઝરે સ્થળ સંવાહક અનોપસિંહ રહેવરનું ધ્યાન દોર્યુ હતુ. અને તેમણે જિલ્લા શિક્ષણ વિભાગને જણાવી ડમી છાત્ર ગુંજન ભગત સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

પોલીસને રજૂ કરાયેલ વિગતો મુજબ ધો. ૧૦ની એક્ષ વિદ્યાર્થી તરીકે બોર્ડની પરીક્ષા માટે



અંકિત ભોઈ નામના રજીસ્ટ્રેશન કરાવ્યું હતું પરંતુ અંકિત ભોઈએ તેના સ્થાને ગુંજન ભગત નામના વિદ્યાર્થીને પરીક્ષા આપવા ડમી તરીકે મોકલ્યો હતો. અને આજે સંસ્કૃત વિષયનું પરીક્ષા આપતા આ ડમી પરીક્ષાર્થી ઝડપાઈ ગયો હતો. જેથ્જી તેની વિરૂદ્ધ તો ફરિયાદ નોંધાવાઈ જ રહી છે પણ મૂળ પરીક્ષાર્થી અંકિત ભોઈ સામે પણ પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# આપણી સરકારે કરેલા કામો એ આપણુ ભાથુ છે : ભીખુભાઈ દલસાણીયા

## સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ભાજપના અગ્રણીઓ સાથે બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૬

ભારતીય જનતા પાર્ટી પ્રદેશના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા કે.સી. પટેલે આજરોજ હિંમતનગર ખાતે સાબરકાંઠા અને વિધાનસભાનું પરીણામ ઐતીહાસીક જીત મળી તેમ આપણે ગુજરાતમાં પણ સંગઠનના કારણે સરકાર સાથે રહી વધુમાં વધુ સીટો લાવવાની ચિંતા કરવાની છે. કે.સી. પટેલે જણાવેલ ગ્રામજનોનો સંપર્ક કરો જયારે કોંગ્રેસ પક્ષ લોકોને ઉશ્કેરવાનું જ કામ કરે છે તેમ જણાવેલ. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણ, રમીલાબેન બારા, સંગઠન પ્રભારી



અરવલ્લી જીલ્લાના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. જેમાં પ્રદેશ ભાજપ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ જણાવેલ કે, આપણી વર્તમાન સરકાર તેમજ કેન્દ્રના આપણા વડાપ્રધાન જે કામો કરી રહ્યા છે તે આપણું ભાથુ છે. આપણે આવનારી વિધાનસભાની ચુંટણીમાં જીત તો મેળવીશુ જ પરંતુ કાર્યકર્તા તરીકે આપણે કેટલા સક્રીય છીએ તે પણ આપણે જોવાનું રહ્યુ. આપણા વડાપ્રધાન તેમની ટીમ તેમજ અમીતભાઈ શાહ તેમની ટીમ સરકાર અને સંગઠનના બળથી કે, ૨૯મી માર્ચે અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે વિજય વિશ્વાસ સંમેલન મળશે જેમાં બુથથી મળી સૌ કાર્યકરો હોદ્દેદારો આ સંમેલનમાં જોડાશે. આપણા અમીતભાઈ શાહનું ભવ્ય સન્માન સ્વાગત કરવામાં આવશે તેમજ અમીતભાઈ સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી પણ આપણને માર્ગદર્શન આપશે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં સરકારે અસંખ્ય વિકાસના કામો કર્યા છે. જયાં છેવાડાના ગામો પણ આવી જાય છે. તમે સૌ તેવા અશોકભાઈ ભાવસાર, હર્ષદગીરી ગોસ્વામી, પ્રદેશ મીડીયા સેલના કન્વીનર તેમજ સંગઠન વાલી હર્ષદભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, સાંસદ દીપસિંહ રાઠોડ, ભરતસિંહ રહેવર, જીલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, જીલ્લા મહામંત્રી અશોકભાઈ જોષી, ભગાભાઈ પરમાર, પ્રેમલભાઈ દેસાઈ સહીત મોટી સંખ્યામાં બન્ને જીલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કડી ખાતે ૬૪૬ લાખના ખાતમુહૂર્ત અને ૧૯૬ લાખના વિકાસ કામોના લોકાર્પણ

મહેસાણા, તા. ૨૬

મહેસાણા જિલ્લાના કડી ખાતે રાજયના નાયબ મુખ્યમંત્રી



નિતીનભાઈ પટેલના હસ્તે કડી ખાતે કડી નગરપાલિકાના તેમજ માર્ગ મકાન વિભાગના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં કડી નગરપાલિકાના રૂ. ૮૪૨ લાખના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુર્હુત નાયબ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ દ્વારા કડી સુજાતપુરા રોડના કામ માટે રૂ. ૮૩ લાખના વિકાસ કામોના ખાતમુહૂર્ત લોકાર્પણ કરાયા હતા.

કડી ખાતે વિકાસ કામોના ખાતમુહૂર્ત લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર સાથે કામ કરી રહી છે. સમાજમાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર તેમજ સમાજ સેવકો અને અગ્રણીઓનું સન્માન કરવું આપણી ફરજ છે જે કાર્ય સરકાર તેમજ સમાજ સંગઠનો



નિષ્ઠાથી નિભાવી રહ્યા છે. રાજ્ય સરકારે આ વર્ષે વિકાસ કામો તેમજ સામાજિક ઉત્થાન માટે રૂ ૧ લાખ ૭૨ હજાર કરોડનું બજેટ રજૂ કર્યુંછે.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ આગામી સમયમાં થનાર વિકાસ કામોની માહિતી આપતાં જણાવ્યું હતું કે મહેસાણા અમદાવાદ રોડ પર સીધબાજ હોટલથી ઓવરબ્રિજ માટે રૂ.૫૦ કરોડ તેમજ નંદાસણ પાસે ઓવરબ્રિજ બનાવવા માટે રૂ. ૫૦ કરોડ મળી કુલ બે ઓવરબ્રિજ માટે રૂ.૧૦૦ કરોડની ફાળવણી કરી છે. કડી ખાતે રૂ. ૨૦ કરોડના ખર્ચે રેલ્વે અંડરબ્રિજ બનાવવા સહિત આર્યુવેદ હોસ્પિટલ તેમજ વિવિધ સરકારી કચેરીઓ એકજ સ્થળે બનાવવાનુ આયોજન કરાયું છે.

નાયબ મુખ્યમંત્રીએ કડી પાલિકાના વિકાસ માટે રૂ.૧ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી. નાયબ મુખ્યમંત્રી દ્વારા વૃદાવન સોસાયટી, હાઈવે, ઘુમટીયા, ખાખચોક, સુજાતપુરા, દડી સર્કલ, ગાયત્રી મંદિર, ભાઉપુરા ગણેશચોક ખાતે વિકાસ કામાનો લોકાર્પણ, ખાતમુહૂર્ત કરાયા હતા.

# વિશ્વને શ્રેષ્ઠ દિશા આપવા બ્રહ્માકુમારી વિદ્યાલય સક્ષમ : લાલકૃષ્ણ અડવાણી

## આબુ તળેટી ખાતે બ્રહ્માકુમારીઝની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે વૈશ્વિક મહાસંમેલનનો પ્રારંભ

આબુ, તા. ૨૬

અહિની એકેએક વસ્તુઓમાં આદર્શવાદ, શ્રેષ્ઠતા-ઉન્નતિની પ્રેરણા મળે છે. જો આપને ઈમાનદારી-પ્રામાણીકતા-આદર્શ-એકતા-અનુશાસન નિહાળવુ હોય તો શાંતિવન આવીને અનુભવ કરો, આજ એક માત્ર વૈશ્વિક એવું સંગઠન છે જે વિશ્વને શ્રેષ્ઠ દિશા બતાવવા સક્ષમ છે. જેની સફળતા માતૃશક્તિના હાથમાં છે. આ અદભૂત શક્તિસ્વરૂપા



બ્રહ્માકુમારીઝ સંસ્થા માટે મને અને ભારતને ગૌરવ છે. આ ઉદગાર ભાજપાના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીજીએ બ્રહ્માકુમારી વિદ્યાલયના શાંતિવન ખાતે ૧૦૦ દેશોના ૧૫૦૦૦ વિવિધ મહાનુભાવો સમક્ષ ઉચ્ચાર્યા હતા. અડવાણીજીએ આગળ જણાવેલ કે ઓમમંડળીથી પ્રારંભ થયેલ આ સંસ્થા મારી નજર સામે જ આજે વટવૃક્ષ બનતા મે જોઈ છે. ૧૦૨ વર્ષની દાદી જાનકીજીનુ નૈતૃત્વ મહાન સફળતા ઈશ્વરીય શક્તિ વગર સંભવનથી તેઓએ દઢતા પૂર્વક જણાવેલ કે વિશ્વના મહાનુભાવોનું આબુ પ્રેરણા સ્ત્રોત બનશે.

સમારંભમાં પોતાનો અનુભવ સંભળાતા પ્રસિદ્ધ અભિનેત્રી રવીનાટંડને જણાવેલ કે વિશ્વ માનવને પ્રેમ-મહોબત અને સેવાભાવ શીખવતી બ્રહ્માકુમારીઝ મમતાના આંચલમાં વિશ્વને સંવારી રહી છે. વિશ્વના ભવિષ્યની મને ચિંતા છે કે આવનાર પેઢીને સુસંસ્કાર કોણ આપશે પરંતુ આ સંસ્થાની અનુભૂતિ મને પ્રશ્નોનું નિરાકરણ આપે છે.

આંખોમાં ભાવ વિભોરના આંસુ સાથે સિનેસ્ટાર અમિતાએ અહિ પોતાના ઘરનો અહેસાસ કરી પોતાને શક્તિ સંપન્ન મહસુસ કરેલ.

ધીન્યુઝના એડીટરઈન ચીફ સુધીર ચૌધરીએ અધ્યાત્મકતા સંપન્ન સેવાની વર્તમાન જરૂરીયાત છે. જે આ સંસ્થા દ્વારા શક્ય છે તેમ જણાવેલ.

# ઊંઝાના ભાંખર ગામે ત્રીજીએ વૈતાલનો લોકમેળો યોજાશે

ઊંઝા, તા. ૨૬

ઊંઝા તાલુકાના ભાંખર ગામે આવેલ ઐતિહાસિક શ્રી આગિયાવીર વૈતાલ અને શ્રી હરસિદ્ધ માતાજીના મંદિરે પરંપરાગત રીતે ચૈત્ર સુદ-૭ને સોમવારે તા. ૩-૪-૧૭ના રોજ ભવ્ય લોકમેળો યોજાશે. આ દિવસે સાંજે ૬.૩૦ કલાકે રથ નીકળશે અને રાત્રે ૧૦.૩૦ કલાકે માંડવી કાઢવામાં આવશે. ભાંખરમાં સુપ્રસિદ્ધ શ્રી આગિયાવીર વૈતાલને શ્રી હરસિદ્ધ માતાજીના ધાર્મિક સ્થાનકો સદીઓ પુરાણા ગણાય છે. લોકવાયકા મુજબ લાખા વણજારાને બાળકના રૂપમાં શ્રી આગિયાવીર વૈતાલે પરચો આપ્યો હતો. જેની યાદમાં લાખા વણજારાએ મંદિર બંધાવ્યુ હતું. આ મંદિરનો પુનરોધ્ધાર પાટણના સોલંકીએ કર્યોહતો. લોકમાતા પુષ્પાવતીની કૂખમાં વસેલા આ સ્થાનકે દર વર્ષે ચૈત્ર સુદ સાતમના દિવસે લોકમેળો ભરાય છે.

મેળામાં દૂર દૂરથી ઘણી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. અને બાધા માનતા કરે છે. આમાં તલનું તેલ જ ચઢાવવામાં આવે છે. તેની સાથે ગોળ, સાકર તથા શ્રીફળ પણ ચઢાવાય છે. રથ ચારે દિશામાં ફરે છે. રાત્રે ૧૦.૩૦ કલાકે બત્રીસ મશાલોથી ઝળહળતી માંડવી કાઢવામાં આવે છે. રાત્રે મેળામાં ઢોલના અવાજ તથા માનવ મહેરામણની કિકિયારીઓના અવાજથી એક અનોખું વાતાવરણ સર્જાય છે.







# અમીયાપુરા, ઉભરાણ, ધનસુરા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટીતંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરીકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોની સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે બાયડ તાલુકાના અમીયાપુરા ખાતે પ્રાંત કક્ષાનો તાલુકા વાઈઝ સેવાસેતુ કાર્યક્રમ યોજવા રાજ્ય સરકારે ઠરાવેલ છે. જે અન્વયે બાયડ તાલુકાના અમીયાપુરા ખાતે સેવાસેતુ કાર્યક્રમ તા. ૨૪-૩-૨૦૧૭, શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ ૮૧૭ પ્રજાજનોના પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ જિલ્લાના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં ધનસુરા તાલુકા દ્વારા સ્થળ ઉપર પ્રજાજનોના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં મામલતદાર તેમજ જિલ્લાના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉભરાણ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ ૬૩૮ પ્રજાજનોના પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ જિલ્લાના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.